<u>જાહેરનામું</u>

**પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/ ૦૭ /૨૦૧૮,**

**તા. ૦૯/૦૧/૨૦૧૮**

હું, એ.કે.સિંઘ, I.P.S., પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ (૧૯૫૧ ના કાયદા નંબર ૨૨) ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૯૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટની કામગીરી અનુસંધાને તા.૧૦/૦૧/૨૦૧૮ થી તા.૧૦/૦૧/૨૦૧૯ સુધી ટ્રાફીક સુચારુ રીતે ચાલે અને ટ્રાફીકની કોઇ સમસ્યા ઉદભવે નહી તે હેતુસર નીચે મુજબનો રસ્તો બંધ /ડાયવર્ઝન કરવા અને નો-પાર્કિંગ ઝોન જાહેર કરવા હુકમ કરૂ છું.

**<u>હુકમ</u> :-**

અમદાવાદ શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટના કામકાજ અર્થે કોમર્સ છ રસ્તા થી સ્ટેડીયમ પાંચ રસ્તા સુધીનો રસ્તો તથા કોમર્સ છ રસ્તા થી વિજય ચાર રસ્તા તરફનો સમગ્ર રસ્તો બેરીકેડીંગ કરી વાહન વ્યવહાર સારુ બંધ કરી ડાયવર્ઝન આપવામાં આવે છે.

**<u>બંધ રહેનાર રૂટ</u> :**

**(૧)** તા.૧૦/૦૧/૨૦૧૮ થી તા.૧૦/૦૧/૨૦૧૯ સુધી એક વર્ષ માટે કોમર્સ છ રસ્તા (પ્રકાશ કો.ઓ.હા.સો.લી.ની સામેથી) સ્ટેડીયમ પાંચ રસ્તા સુધીના સમગ્ર રસ્તા ઉપર ૦૯-મીટર જેટલુ બેરીકેડીંગ કરી રસ્તો વાહન વ્યવહારની અવર-જવર સારુ બંધ રહેનાર હોવાથી આ રોડ ઉપરથી વાહન વ્યવહારની અવર-જવર થઇ શકશે નહી.

**<u>વૈકલ્પિક રૂટ</u> :**

➢ તા.૧૦/૦૧/૨૦૧૮ થી તા.૧૦/૦૧/૨૦૧૯ સુધી એક વર્ષ માટે કોમર્સ છ રસ્તા (પ્રકાશ કો.ઓ.હા.સો.લી. ની સામેથી) સ્ટેડીયમ પાંચ રસ્તા સુધીના સમગ્ર રસ્તા ઉપર ૦૯ મીટર જેટલુ બેરીકેડીંગ કરી આજુબાજુ બન્ને તરફનો ૩-૩ મીટર જેટલો રસ્તો સ્થાનીક રહીશોના વાહનોની અવર-જવર થઇ શકે તે સારુ તથા સદરહુ રોડ ઉપર આવેલ હોસ્પીટલમાં જનાર એમ્બ્યુલન્સ માટે ખુલ્લો રાખનાર છે અને આ રોડ ઉપરથી ફક્ત સ્થાનીક રહીશોના વાહનો તથા એમ્બ્યુલન્સ જ અવર-જવર કરી શકશે. પરંતુ અન્ય કોઇ જ વાહનો પસાર થઇ શકશે નહી. જેથી બીજા અન્ય નાના મોટા તમામ વાહનોને સ્ટેડીયમ પાંચ રસ્તા તરફ જવા માટે કોમર્સ છ રસ્તા થી ડાબી તરફ વળી દર્પણ સર્કલથી જમણી તરફ વળી સરદાર પટેલના બાવલાથી જમણી તરફ વળી સ્ટેડીયમ પાંચ રસ્તા તરફ જઇ શકશે તથા દર્પણ સર્કલથી જમણી તરફ વળી લખુડી તળાવ થઇ ગોલ્ડન ટ્રાયએન્ગલ થઇ સ્ટેડીયમ પાંચ રસ્તા તરફ જઇ શકશે. તે જ રીતે સ્ટેડીયમ પાંચ રસ્તાથી કોમર્સ છ રસ્તા તરફ જવા માટે સ્ટેડીયમ પાંચ રસ્તા થી સીધા સી.જી.રોડ ઉપર થઇ સ્વસ્તીક ચાર રસ્તા થી જમણી તરફ વળી સીધા કોમર્સ છ રસ્તા તરફ જઇ શકશે અથવા સ્ટેડીયમ પાંચ રસ્તાથી જમણી તરફ વળી સરદાર પટેલના બાવલા થી ડાબી તરફ વળી સીધા દર્પણ સર્કલથી ડાબી તરફ વળી કોમર્સ છ રસ્તા તરફ જઇ શકશે.

**<u>બંધ રહેનાર રુટ</u> :**

**(૨)** તા.૧૦/૦૧/૨૦૧૮ થી તા.૧૦/૦૧/૨૦૧૯ સુધી એક વર્ષ માટે <u>કોમર્સ છ રસ્તા (જૈન ઉપાશ્રય એ.એમ.ટી.એસ.બસ સ્ટેંન્ડ પાસેથી) ફક્ત વિજય ચાર રસ્તા તરફ જતા</u> સમગ્ર રસ્તા ઉપર બેરીકેટીંગ કરી રસ્તો વાહન વ્યવહારની અવર જવર સારુ બંધ રહેનાર હોવાથી આ રોડ ઉપરથી વાહન વ્યવહારની અવર જવર થઇ શકશે નહી.

**<u>વૈકલ્પીક રુટ</u> :**

➢ તા.૧૦/૦૧/૨૦૧૮ થી તા.૧૦/૦૧/૨૦૧૯ સુધી એક વર્ષ માટે કોમર્સ છ રસ્તા <u>(જૈન ઉપાશ્રય એ.એમ.ટી.એસ.બસ સ્ટેંન્ડ પાસેથી)</u> વિજય ચાર રસ્તા સુધીના સમગ્ર રસ્તા ઉપર બેરીકેટીંગ કરી આજુ બાજુ બન્ને તરફનો ૩-૩ મીટર જેટલો જ રસ્તો સ્થાનીક રહીશોના વાહનોની અવર જવર થઇ શકે તે સારુ

ખુલ્લો રાખનાર છે અને આ રોડ ઉપરથી ફક્ત સ્થાનીક રહીશોના વાહનો જ અવર જવર કરી શકશે પરંતુ અન્ય કોઇ જ વાહનો પસાર થઇ શકશે નહી. જેથી બીજા અન્ય નાના મોટા તમામ વાહનોને વિજય ચાર રસ્તા તરફ જવા માટે કોમર્સ છ રસ્તા પાસે આવેલ જૈન ઉપાશ્રય એ.એમ.ટી.એસ.બસ સ્ટેંન્ડની પાછળના ભાગે આવેલ જ્ઞાનશાળા મંદીરના રોડ ઉપર થઇ સીધા દાદા સાહેબના પગલા ચાર રસ્તા થઇ જમણી તરફ વળી વિજય ચાર રસ્તા તરફ જઇ શકશે.

**નોંધ :** ઉપર્યુક્ત બન્ને રૂટ ઉપર આવતા તમામ નાના મોટા જંકશનો વાહન વ્યવહાર સારુ ખુલ્લા રહેશે. તેમજ ઉપર્યુક્ત દર્શાવેલ સમગ્ર રૂટ **"નો-પાર્કિંગ ઝોન"** રહેશે.

આ જાહેરનામુ ફાયરબ્રિગેડ, એમ્બ્યુલન્સ સેવાઓ તથા સરકારી વાહનોને કામગીરી દરમ્યાન લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો અમલ તા.૧૧/૦૧/૨૦૧૮ થી તા.૧૦/૦૧/૨૦૧૯ સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારી/પોલીસ કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા. ૧૧ /૦૧/૨૦૧૮ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

City Commissioner of Police * Ahmedabad *

( એ.કે.સિંઘ )
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

તા.૧૧/૦૧/૨૦૧૮
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
    ૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
(૩) પોલીસ મહનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન,ગાંધીનગર.
(૪) કલેકટરશ્રી,જીલ્લા કલેકટરની કચેરી, ઘી કાંટા, અમદાવાદ શહેર.
(૫) અમદાવાદ રજીસ્ટ્રારશ્રી હાઇકોર્ટ,
    રજીસ્ટ્રારશ્રી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
    રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ , અમદાવાદ શહેર
    ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી અમદાવાદ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.
(૭) પબ્લીક પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૮) સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર
(૯) માહિતી નિયામકશ્રી સચિવાલય,ગાંધીનગર (૨ નકલ)
    ૨/- જાણ સારૂ અને દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારૂ.

**નકલ રવાના :-**

(૧) ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશ્નરશ્રી,સેકટર-૧ અને ૨, ટ્રાફીક તથા મુખ્ય મથક , વિશેષ શાખા,વહીવટ, અમદાવાદ